www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૩ | ૨૨ ઓક્ટોબર, ૨૦૧૮, સોમવાર; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### છત્તીસગઢ માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવારો જાહેર

છતીસગઢ વિધાનસભા ચૂંટણી માટે વિવિધ દળોના ઉમેદવારોના નામોની ઘોષણા થઈ રહી છે. આ દરમ્યાનમાં સમાજવાદી પાર્ટીના નવ ઉમેદવારોના નામોનું એલાન કરવામાં આવ્યું છે. પાર્ટીએ પ્રથમ ચરણ માટે ત્રણ ઉમેદવારો અને બીજા તરણ માટે છ ઉમેદવારો જાહેર કર્યા છે.

### તોગડીયાને અયોધ્યા યાત્રાની પરવાનગી

લખનઉથી અયોધ્યાની યાત્રા માટે પ્રવિણ તોગડીયાને પરવાનગી મળી ચૂકી છે. હવે તેઓ પોતાના સમર્થકો સાથે સંકલ્પસભા આયોજિત કરી અયોધ્યા પહોંચશે.

### બેનામી મિલ્કતોના કેસ માટે વિશેષ અદાલતો

કેન્દ્ર સરકારે દેશના ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિશેષ અદાલતોની જાહેરાત કરી છે. જેઓ બેનામી સંપત્તિ વિશેના કેસોની સુનાવણી કરશે. તેઓ વિશેષ કોર્ટ તરીકે કામગીરી કરશે.

### ઈન્ડિયન આઈડોલના જજ પદેથી અનુ મલિક હટાવાયા

સોશીયલ મીડિયા પર 'મી ટૂ' અભિયાન હેઠળ સંગીતકાર અનુ મલિક પર સિંગર સોના મહાપાત્રા અને શ્વેતા પંડિતે આરોપ લગાડ્યા છે. આ આરોપો બાદ અનુ મલિક પાસેથી ઈન્ડિયન આઈડોલ-૧૦નું જજ પદ છીનવાઈ ગયુ છે.

# આઝાદ હિંદ ફોજને નમન : મોદી

**આઝાદ હિંદ ફોજની સ્થાપનાના ૭૫ વર્ષ પરિપૂર્ણ થયા : સરદાર પટેલ-નેતાજીને ભુલાવવા માટેના પ્રયાસ કરાયા હતા : આઝાદી બાદ પટેલ અને બોઝનું નેતૃત્વ દેશને મળ્યું હોત તો સ્થિતિ જુદી રહી હોત : આઝાદ હિંદ સરકાર માત્ર નામ નહીં પણ એક અલગ વ્યવસ્થા હતી : મોદી**



નવીદિલ્હી, તા. ૨૧

આઝાદ હિંદ ફોજની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ અને નેતાજીને ભુલાવી દેવા માટેના પ્રયાસો થયા હતા. લાલ કિલ્લાથી તિરંગો ધ્વજ લહેરાવ્યા બાદ મોદીએ કહ્યું હતું કે, ૭૫ વર્ષ પહેલા દેશની બહાર બનેલી આઝાદ હિંદ સરકાર અખંડ ભારતની સરકાર હતી. અવિભાજિત ભારતની સરકાર હતી. મોદીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ ઉપર તીવ્ર પ્રહાર કર્યા હતા. ગાંધી પરિવાર પર આક્ષેપબાજી કરતા તેમણે કહ્યું હતું કે, એક પરિવારને વિસ્તૃત બનાવવા અને તેના ગુણગાન માટે દેશના અનેક

સપૂતો જેમ કે સરદાર વલ્લભભાઈ પટેલ, બાબાસાહેબ આંબેડકર અને નેતાજીના યોગદાનને ભુલાવી દેવાના પ્રયાસ કર્યા હતા. દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે, આઝાદી બાદ જો પટેલ અને બોઝનું નેતૃત્વ મળ્યું હોત તો આજે સ્થિતિ અલગ રહી હોત.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ઘુસણખોરીની નાપાક હરકત

**બે ઘુસણખોરો ઠાર : કુલગામમાં સુરક્ષા દળોએ અન્ય ત્રણ ત્રાસવાદીઓને ઠાર કર્યા એકંદરે સુરક્ષા દળોએ પાંચ ત્રાસવાદીઓને ઠાર મારી મોટી માત્રામાં શસ્ત્રોનો જથ્થો ઝડપાયો : અથડામણ સ્થળે બ્લાસ્ટ થતાં ત્રણના મોત : ત્રણ જવાન પણ શહીદ**

શ્રીનગર, તા. ૨૧

ભારતીય સરહદ ઉપર ફરી એકવાર પાકિસ્તાન તરફથી ઘુસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ કરી દેવામાં આવ્યો છે. આજે બપોરે જમ્મુ કાશ્મીરના સુંદરબની સેક્ટરમાં ઘુસણખોરી કરતા બે પાકિસ્તાની ઘુસણખોરો ઠાર થયા હતા. જો કે, આ કાર્યવાહીમાં ત્રણ ભારતીય જવાનો પણ શહીદ થયા હતા. એક અન્ય જવાનને ઈજા પણ થઈ હતી. તે પહેલા જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાં સેના અને ત્રાસવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થયા બાદ એક બ્લાસ્ટ પણ થયો છે. એન્કાઉન્ટર બાદ સ્થળ પર થયેલા બ્લાસ્ટમાં ત્રણ વ્યક્તિના મોત થયા હતા. બ્લાસ્ટમાં અનેક લોકો ઘાયલ પણ થયા છે. ઘટના બાદ પોલીસે

● અનુસંધાન પાન-૭ પર



## સબરીમાલા મામલે પોલીસ અને સરકાર બંને અવઢવમાં

**વધુ બે મહિલાઓને દેખાવકારોએ પરત મોકલી : સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મંદિરના કપાટ ખુલ્યાને પાંચ દિવસ થયા હોવા છતાંય મહિલાને હજુ પ્રવેશની તક નહીં**



થિરુવંતનપુરમ, તા. ૨૧

કેરળના સબરીમાલા મંદિરમાં પ્રવેશને લઈને થયેલા વિવાદમાં સુપ્રીમ કોર્ટના આદેશ પર હિંસક વિરોધ પ્રદર્શનનો દોર જારી છે. એકબાજુ સુપ્રીમ કોર્ટે તમામ વયની મહિલાઓને મંદિરમાં પ્રવેશની મંજુરી આપી છે જ્યારે બીજી બાજુ દેખાવકારો ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓને મંદિરમાં પ્રવેશ ન આપવાને લઈને જિદ્દી વલણ અપનાવી રહ્યા છે. આજે પણ મજબૂત સુરક્ષા વચ્ચે મંદિરમાં જવાના પ્રયાસ કરી રહેલી બે મહિલાઓને દેખાવકારોએ પરત ફરવા ફરજ પાડી હતી. મંદિરના કપાટ ખુલ્લાને પાંચ દિવસ થઈ ચુક્યા છે પરંતુ હજુ સુધી કોઈ મહિલાને તક આપવામાં આવી નથી. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોલીસ મહિલાઓને લઈને પહોંચી રહી છે પરંતુ દેખાવકારો સામે પોલીસને પણ ઝુંકવાની ફરજ પડી રહી છે. હિંસક વિરોધ પ્રદર્શનના દોર વચ્ચે કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ કાર્યકર આર ચેન્નીથલા કહી ચુક્યા છે કે, સબરીમાલા મંદિર કોઈ પ્રવાસ સ્થળ નથી. રાજ્યમાં વિપક્ષી કોંગ્રેસે કેરળ

● અનુસંધાન પાન-૭ પર

## દીપિકા-રણવીર ૧૪મીએ પ્રભુતામાં પગલા માંડશે

**૧૪મી નવેમ્બરે લગ્ન અને ૧૫મીએ રિસેપ્શન**



મુંબઈ,તા.૨૧

છેલ્લાં ઘણાં સમયથી દીપિકા પાદુકોણ તથા રણવિર સિંહના લગ્નને લઈ ચર્ચા થતી હતી. અંતે, હવે, દીપિકા તથા રણવિરે પોતાના લગ્નની જાહેરાત કરી છે. દીપિકા તથા રણવિરે સોશ્યિલ મીડિયામાં લગ્નની જાહેરાત કરી છે અને ૧૪-૧૫ના નવેમ્બરના રોજ લગ્ન કરવાની વાત કરી છે. વ્હાઈટ તથા ગોલ્ડન રંગના આ કાર્ડમાં દીપિકાએ ચાહકોને બિગ સરપ્રાઈઝ આપી છે. લગ્નના કાર્ડમાં લખ્યું છે, ''અમને એ જણાવતા આનંદ થાય છે કે અમારા પરિવારના આશીર્વાદથી અમારા લગ્ન ૧૪-૧૫ નવેમ્બરે નક્કી થયા છે. બહુ જ પ્રેમ દીપિકા તથા રણવિર.'' કાર્ડમાં એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે દીપિકા તથા રણવિર ક્યા લગ્ન કરવાના છે. જોકે, માનવામાં આવે છે કે દીપિકા તથા રણવિર લેક કોમો, ઈટાલીમાં જ લગ્ન કરવાના છે.

રણવિર તથા દીપિકા ૨૦૧૩થી એકબીજાને ડેટ કરે છે. ચાહકોની વચ્ચે આ બંને 'દિપવીર'ના નામથી લોકપ્રિય છે. આ બંનેએ 'રામલીલા', 'પદ્માવત' તથા 'બાજીરાવ મસ્તાની'માં સાથે કામ કર્યુ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દીપિકા તથા રણવિર ઘણાં જ પ્રાઈવેટ પર્સન છે. જોકે, બંને પોતાના લગ્નને ભવ્ય બનાવવા માંગે છે. લગ્ન હિંદુ વિધિથી કરવામાં આવશે. આટલું જ નહીં આ લગ્નમાં મીડિયાને દૂર રાખવામાં આવશે.

# જો પરમાણુ હુમલો થશે તો મારા સૈનિકો તો સ્વર્ગમાં જશે જ પણ દુશ્મનો પણ મરશે

**દુશ્મનને પસ્તાવાનો પણ મોકો મળવાનો નથી અને દુશ્મનો બસ મરશે જ : પુતિનની ચેતવણી**

મૉસ્કો,તા.૨૧

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને દુશ્મન દેશોને આકરી ચેતવણી આપી છે. પુતિને રશિયા પર પરમાણુ હુમલાની સ્થિતિનો કેવી રીતે સામનો કરવામાં આવશે. તેના પર મહત્વની ટીપ્પણી કરી છે. પુતિને અમેરિકાનું નામ લીધા વગર કહ્યુ છે કે જો રશિયા પર પરમાણુ હુમલો કરવામાં આવશે, તો તેમના સૈનિકો તો શહીદ થઈને સ્વર્ગમા જશે. પરંતુ દુશ્મનને પસ્તાવાનો પણ મોકો મળવાનો નથી અને દુશ્મનો બસ મરશે જ.

મીડિયા રિપોર્ટ્સ મુજબ. પુતિને મોસ્કો ખાતેની થિંક ટેંક વલ્દાઈ ડિસ્કસન કલબના એક કાર્યક્રમમાં પત્રકારો સાથેની વાતચીતમાં મહત્વપૂર્ણ ટીપ્પણી કરી હતી. રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિને



ચેતવણી આપતા ક્હયુ હતુ કે જો કોઈ દેશ રશિયા પર પરમાણુ હથિયારથી હુમલાનો નિર્ણય કરશે. તો ધરતી પર જીવન સમાપ્ત થઈ જશે. પરંતુ આક્રમણકારીઓથી ઉલટ રશિયનોનું સ્વર્ગમાં જવાનું સુનિશ્ચિત છે. સોચીમાં આયોજિત કાર્યક્રમમાં પુતિને કહ્યુ છેકે રશિયા નિશ્ચિતપણે આવા હુમલાનો બદલો લેશે અને આક્રમણખોરોના હિસ્સામાં માત્ર તબાહી જ આવશે.

દુશ્મનોના હિસ્સામાં પસ્તાવાનો પણ કોઈ સમય આવવાનો નથી. રશિયયન સેનાના સિદ્ધાંતની વ્યાખ્યા કરતા પુતિને કહ્યુ હતુ કે જો કોઈ દુશ્મન પરમાણુ મિસાઈલ છોડે છે. અને તેમને ખબર પડે છે કે રશિયાના વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો છે.તો તેઓ હુમલાનો જવાબ આપશે.

આ પારસ્પરિક કાઉન્ટર સ્ટ્રાઈક હશે. પુતિને કહ્યુ છે કે આનાથી નિશ્ચિતપણે વૈશ્વિક સ્તરે તબાહી આવશે. તબાહીની શરૂઆત રશિયા નહીં કરે. કારણ કે તે હુમલાખોર નથી.

## મધ્યપ્રદેશનો ગઢ બચાવવા ભાજપ 'જાદુગરો'ના સહારે

ભોપાલ,તા.૨૧

મધ્યપ્રદેશમાં ભાજપ સતત ચોથી વખત સત્તામાં ટકી રહેવા માટે એડીચોટીનું ચોર લગાવી રહી છે. આ માટે મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે જાદુગરોનો સહારો લેવાનો નિર્ણય કર્યો છે. 'મૈજિક સ્પેલ'ના આ યૂનિક પગલાંથી શિવરાજ સરકાર લોકોના દિલ જીતવાની કોશિશ કરશે. આ માહીતી સાચી હોવાનો મધ્યપ્રદેશ ભાજપના પ્રવક્તાએ સ્વીકાર કર્યો છે.

રજનીશ અગ્રવાલે કહ્યું કે, અમે કેમ્પેઈન અને પબ્લિસિટી માટે જાદુગરોનો સહારો લેવાની તૈયારમાં છીએ. પાર્ટી છેલ્લા ૧૫ વર્ષમાં કરેલા કામને હાઈલાઈટ કરવા અને કોંગ્રેસ સરકારોના કામોની તુલના કરવા માટે જાદુગરોની મદદ લેશે. ભાજપના પ્રવક્તાએ ઉમેર્યું કે, જાદુગરના શોનું આયોજન ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં અને નાના શહેરોમાં કરાશે, જેથી મતદાર સુધી પહોંચી શકાય.

જોકે, ભાજપ કેટલા જાદુગરોની સેવા લેશે તેનો નિર્ણય હજુ કરાયો નથી. ભાજપને આશા છે કે વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન મેજિક શો જલદી શરુ કરાશે. આ તમામ ગતિવિધ માટે બજેટ નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ભાજપના પ્રવક્તાએ ઉમેર્યું કે, આ માધ્યમના લોકોને ભાજપ સરકારે કરેલા કામોથી વાકેફ કરીશું અને કોંગ્રેસની નિષ્ફળતાને પણ લોકો સમક્ષ મૂકીશું. અહીંયા નોંધવું રહ્યું કે, મધ્યપ્રદેશમાં ૨૮ નવેમ્બરે ચૂંટણી યોજાશે.

# યુકેમાં બ્રેક્ઝિટ ડીલ મુદ્દે ૭ લાખ નાગરિકો સડકો ઉપર ઉતર્યા

બ્રિટન,તા.૨૧

સેન્ટ્રલ લંડનમાં અંદાજિત ૭ લાખથી વધુ એન્ટી-બ્રેક્ઝિટ જેનાથી તદ્દન વિરૂદ્ધ અંદાજિત લંડનના મેયર, હોલિવૂડ સેલિબ્રિટીઝ સહિત ૬,૭૦૦ આવે તેવી માંગણી કરી હતી. દેખાવકારોની આ સંખ્યા વર્ષ ૨૦૦૩માં ઈરાક યુદ્ધ વિરૂદ્ધમાં



કેમ્પેઈનર્સે ફરી મતદાન માટે સડકો પર દેખાવો કર્યા હતા. આ રેલીના આયોજકોને અંદાજિત ૧ લાખ લોકો સામેલ થવાની આશંકા હતા, દેખાવકારોએ સડકો પર સૂત્રોચ્ચાર કર્યા હતા. પાર્ક લેનથી પાર્લામેન્ટ સ્કવેર સુધી દેખાવકારોએ બ્રેક્ઝિટ મુદ્દે યંગસ્ટર્સના ફરીથી વોટ લેવામાં લોકોએ કરેલા દેખાવો કરતાં વધારે છે. લાખો કેમ્પેઈનર્સ રૉયલ બ્લૂ કપડાં અને ગોલ્ડ સ્ટાર્સ પહેરીને રેલીમાં સામેલ થયા હતા. તેઓએ 'બિન બ્રેક્ઝિટ નાઉ' અને 'આઈ વોન્ટ ટુ સે ઓન બ્રેક્ઝિટ'ના બેનર્સ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ રેલીમાં લંડનના મેયર સાકીદ ખાને પાર્ક લેનમાં સંબોધન કરતા કહ્યું કે, આ ભવિષ્ય માટેની રેલી છે. આ રેલીમાં જે લોકો સામેલ

**ફરીથી મતદાન મુદ્દે સૂત્રોચ્ચાર**

થયા છે તેઓ બ્રિટનનું ભવિષ્ય છે. ખાસ કરીને એવા યંગસ્ટર્સ જેઓ વર્ષ ૨૦૧૬માં બ્રિટનની ઈયુ મેમ્બરશિપ રેફરેન્ડમ (લોકમત)માં મતદાન નથી કરી શક્યા.

લંડનમાં વિરોધ પક્ષ કન્ઝર્વેટિવ પાર્ટીમાંથી આવતા મેયર સાકીદ ખાને બ્રેક્ઝિટ બાબતે અવાર-નવાર બ્રિટિશ પીએમ થેરેસા મેને ઘેર્યા છે.

## ચીને પાણી-જમીન પર બંન્ને જગ્યાએ ઉડવામાં સક્ષમ વિમાન બનાવ્યું

બીજિંગ,તા.૨૧

ચીને સ્વદેશ નિર્મિત પાણી અને જમીન પર બંને જગ્યાએ ઉડવામાં સક્ષમ વિમાન બનાવ્યું ને દુનિયા જોતી રહી ગઈ. ચીને પાણી અને જમીન પર ઉતરી શકે એવું વિશ્વનું સૌથી મોટું એમ્ફિબિયસ એરક્રાફ્ટ એજી૬૦૦નું નિર્માણ કરી સફતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.

એવિએશન ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ઓફ ચીને આ એરક્રાફ્ટને વિકસાવ્યું છે. આ એરક્રાફ્ટની ખાસિયત એ છે કે આ એરક્રાફ્ટનું એન્જિન સંપૂર્ણ રીતે સ્વદેશી છે. સતત ૧૨ કલાક સુધી આ એરક્રાફ્ટ ઉડાન ભરી શકે છે. સમુદ્રમાં બચાવકામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

ચીની સરકારી કંપની એવિશએન ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ઓફ ચાઈના દ્વારા બનાવવામાં આવેલા આ વિમાને હુબેઈ પ્રાંતના જિંગમેનમાં ઉડાન ભરી અને ત્યારબાદ દરિયામાં ઉતરણ કર્યુ હતું. ચાઈના ડેલીએ કહ્યું કે જળસ્થલીય વિમાને સ્થાનિક સમયાનુસાર સવારે ૮:૫૧ વાગ્યે ઝાંઘે જળાશયથી ઉડાન ભરી અને અંદાજે ૧૫ મિનિટ હવામાં રહ્યું. આ મહિનાની શરૂઆતમાં તેને ૧૪૫ કિલોમીટરની ગતિની સાથે પાણીમાં ચલાવાનું પહેલું પરીક્ષણ પૂરું કર્યું હતું.

## સતત ચોથા દિવસે પેટ્રોલમાં ૨૫ પૈસા અને ડિઝલમાં ૧૭ પૈસાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૨૧

સતત ચોથા દિવસે રવિવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થયો હતો. રાજધાની દિલ્હીમાં પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસા અને ડીઝલના ભાવમાં ૧૭ પૈસા ઘટાડો થયો છે. આમ પેટ્રોલ ૮૧.૭૪ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૭૫.૧૯ રૂપિયા પ્રતિ લિટર છે. ગુજરાતના વિવિધ શહેરોમાં પેટ્રોલ ડીઝલના ભાવની વાત કરીએ તો સુરતમાં પેટ્રોલમાં ૨૪ પૈસા અને ડીઝળના ભાવમાં ૧૮ પૈસાનો ઘટાડો નોંધાયો છે. ભાવનગરમાં પેટ્રોલ રૂ.૭૯.૮૭ અને ડીઝલ રૂ.૭૯.૯૨ પ્રતિ લિટરનો ભાવ થાય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય